દિવ્ય ભાસ્કર

Divya Bhaskar, Ahmedabad

Date: 20/01/2024

Front Page, Ahmedabad.

**ભાસ્કર વિશેષ** | નોકરિયાત વર્ગે મેટ્રોનો ઉપયોગ શરૂ કરતા સંખ્યામાં વધારો, દર 12 મિનિટે મેટ્રો મળી રહે છે

# 15 મહિનામાં મેટ્રોમાં 2.52 કરોડ લોકોએ મુસાફરી કરી રોજ સરેરાશ 70 હજાર પેસેન્જર મેટ્રોમાં અવરજવર કરે છે

ઓમકારસિંહ ઠાકુર | અમદાવાદ

શહેરમાં 2 ઓક્ટોબર 2022થી મેટ્રો ટ્રેન શરૂ કરાઈ ત્યારથી 31 ડિસેમ્બર 2023 સુધીના 15 મહિનામાં 2.52 કરોડ લોકોએ મેટ્રોની મુસાફરી કરી છે. શરૂઆતમાં રોજના સરેરાશ 36 હજાર લોકો મેટ્રોનો ઉપયોગ કરતા હતા પરંતુ હવે રોજ સરેરાશ 70 હજાર લોકો મેટ્રોમાં અવરજવર કરે છે.

મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીએ આપેલી માહિતી અનુસાર મેટ્રો શરૂ થઈ તે મહિનામાં રોજના સરેરાશ 51424 પેસેન્જર લેખે 15.42 લાખે મુસાફરી કરી હતી. લગભગ 4 મહિના સુધી દર મહિને અંદાજે 10થી 11 લાખ પેસેન્જર નોંધાયા હતા. જોકે એ પછી નોકરિયાત વર્ગે મેટ્રોનો ઉપયોગ શરૂ કરતાં સંખ્યામાં સતત વધારો થયો હતો. મેટ્રોની લોકપ્રિયતા વધતા ટ્રેનની ફ્રિકવન્સીમાં વધારો કરવો પડ્યો હતો. શરૂઆતમાં મેટ્રો સવારે 7થી રાત્રે 10 સુધી દોડાવાતી હતી પરંતુ હવે સવારે 6.20થી રાત્રે 10 સુધી દોડાવાય છે અને દર 12 મિનિટે ટ્રેન મળે છે. પેસેન્જરની સંખ્યામાં વધારો થવા સાથે મેટ્રોને 37.29 કરોડ આવક પણ થઈ છે.

## ઓક્ટોબર 2023માં સૌથી વધુ 22.48 લાખ લોકોએ મેટ્રોનો ઉપયોગ કર્યો

| મહિનો | પેસેન્જર્સ | મહિનો | પેસેન્જર્સ |
|---|---|---|---|
| ઓક્ટોબર | 1542733 | જૂન | 1700558 |
| નવેમ્બર | 1194907 | જુલાઈ | 1972958 |
| ડિસેમ્બર | 1100851 | ઓગસ્ટ | 2179949 |
| જાન્યુઆરી | 1092202 | સપ્ટેમ્બર | 2058952 |
| ફેબ્રુઆરી | 1078720 | ઓક્ટોબર | 2248054 |
| માર્ચ | 1332730 | નવેમ્બર | 2006031 |
| એપ્રિલ | 1566602 | ડિસેમ્બર | 2150380 |
| મે | 2012494 | | |

મેટ્રોના ફેઝ-1 અને ફેઝ-2માં બાકી રહેલી કામગીરી પણ ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે. 2024ના અંત સુધી બાકી રૂટ પર પણ મેટ્રો દોડતી થઈ જશે.

## મોટેરાથી સેક્ટર-1 અને ગિફ્ટ સિટી સુધી જુલાઈમાં મેટ્રો શરૂ થશે

શહેરમાં મેટ્રો ટ્રેનના સંચાલનના ભાગરૂપે હાલમાં ફેઝ-2માં મોટેરાથી મહાત્મા મંદિર સુધી તેમજ સેક્ટર-1થી ગિફ્ટ સિટી સુધીના રૂટ પર કામગીરી ચાલી રહી છે. આ રૂટ પર એપ્રિલ સુધીમાં મેટ્રો ટ્રેનનું ટ્રાયલ શરૂ કરી દેવામાં આવશે. લગભગ દોઢથી બે મહિના સુધી આ રૂટ પર મેટ્રોનું ટ્રાયલ કર્યા બાદ કમિશનર ઓફ રેલવે સેફ્ટી દ્વારા ઈન્સ્પેક્શનની પ્રક્રિયા શરૂ કરાશે. આ પ્રક્રિયા પૂર્ણ થતા સેફ્ટી પ્રમાણપત્ર મળ્યા બાદ જુલાઈ સુધીમાં મોટેરાથી સેક્ટર-1 થઈ ગિફ્ટ સિટી મેટ્રો શરૂ થશે.